સુરત મહાનગરપાલિકા

રીક્રુટમેન્ટ વિભાગ, પાંચમો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, મહાનગરપાલિકા કચેરી, તાપીપુરા, સુરત.

તા.૨૨/૧૦/૨૦૨૬

એડમીનીસ્ટ્રેટીવ ઓફીસર સંવર્ગની તા.૧૮/૧૦/૨૦૨૬ ના રોજ યોજાયેલ લેખિત પરીક્ષા સંદર્ભે ઉમેદવારો માટેની સુચના

સુરત મહાનગરપાલિકા દ્વારા ક્રમાંકઃ પી.આર.ઓ./૭૧, તા.૧૧/૦૬/૨૦૨૬ થી પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરાત અન્વયે તા.૧૮/૧૦/૨૦૨૬ના રોજ એડમીનીસ્ટ્રેટીવ ઓફીસર સંવર્ગની લેખિત પરીક્ષા સુરત શહેરની શૈક્ષણિક સંસ્થા ખાતે યોજવામાં આવેલ. જે લેખિત પરીક્ષા અન્વયે હાજર રહેલ ઉમેદવારોએ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર RECRUITMENT સેકશનમાં ANSWER KEY(S)માં જઈ પરીક્ષાના કોલ લેટરમાં દર્શાવેલ પોતાનો અરજી નંબર (દા.ત.AAAA/BBBBBB/CCC/DDDDDD), સીટ નંબર(બેઠક નંબર) અને જન્મ તારીખની વિગત દર્શાવી પોતાની OMR SHEET તા.૩૧/૧૦/૨૦૨૬ સુધીમાં ડાઉનલોડ કરી લેવાની રહેશે. ત્યારબાદ, OMR SHEET ડાઉનલોડ થઈ શકશે નહી, જેની નોંધ લેવી.

ઉકત સંવર્ગની લેખિત પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી આ સાથે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

પ્રોવિઝનલ આન્સર કી અન્વયે ઉમેદવારને કોઈ કવેરી/વાંધાઓ હોય તો તેઓએ તા.૨૩/૧૦/૨૦૨૬ ના રોજ સવારે ૦૦:૩૦ કલાકથી તા.૨૭/૧૦/૨૦૨૬ ના રોજ રાત્રે ૧૧:૦૦ કલાક દરમ્યાન આધારભૂત પુરાવાઓ સાથે સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ https://www.suratmunicipal.gov.in/ પર RECRUITMENT DASHBOARD પર ONLINE RECRUITMENT PORTAL માં જઈ પોતાના લોગ–ઈન અને પાસવર્ડથી એડમીનીસ્ટ્રેટીવ ઓફીસર સંવર્ગની કરેલ અરજી સામે **RAISE QUERY** બટન પર CLICK કરી માંગ્યા મુજબની માહિતી (જેવી કે, Question Paper Set, Question Number, Suggested Answer, Remarks, Supporting Evidence વિગેરે)દર્શાવી આધારભુત પુરાવાઓ સહિત વાંધાઓ દર્શાવી **FINAL SUBMIT QUERY** પર CLICK કરવાનું રહેશે.પરંતુ જો એકથી વધુ પ્રશ્નોની કવેરી/વાંધાઓ હોય તો નીચે દર્શાવેલ **ADD NEW OBJECTION** પર CLICK કરી બીજી કવેરીઓ/વાંધાઓ **ADD** કરી શકાશે. પરંતુ, એકવાર **FINAL SUBMIT QUERY** પર CLICK કર્યા બાદ નવેસરથી કોઈપણ કવેરીઓ/વાંધાઓ **ADD/EDIT** કરી શકાશે નહી. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

નોંધ :

(૧) અધૂરી કવેરી/વાંધાઓની માહિતી **SAVE AS DRAFT** માં જોઈ શકાશે તેમજ તેમાં સુધારો કરી શકાશે. પરંતુ, ઉમેદવારે નિયત સમયમર્યાદામાં **FINAL SUBMIT QUERY** પર CLICK કરવાનું રહેશે. ફાઈનલ સબમિટ ન કરેલ હોય તેવા ઉમેદવારોની કવેરીઓ / વાંધાઓને ધ્યાને લેવામાં આવશે નહી.

(૨) ઉમેદવારે આપેલ પરીક્ષાના પ્રશ્નપત્ર સિવાયની અન્ય કોઈ કવેરી/વાંધાઓ ગ્રાહય રાખવામાં આવશે નહી.

(૩) ઉમેદવારે ફકત ઓનલાઈન પોર્ટલ ઉપર જ કવેરી/વાંધાઓ સબમિટ કરવાના રહેશે. લેખિત અથવા ઈ–મેઈલ મારફત મળેલ કવેરી/વાંધાઓનેગ્રાહય રાખવામાં આવશે નહી.

(૪) એક ઉમેદવાર ફકત એક જ વખત કવેરી / વાંધાઓ સબમિટ કરી શકશે. ફાઈનલ સબમિટ કર્યા બાદ બીજી વખત કવેરી / વાંધાઓ સબમિટ કરી શકાશે નહી.

(૫) લેખિત પરીક્ષામાં ગેરહાજર રહેલ ઉમેદવારો દ્વારા કવેરી/વાંધાઓ સબમિટ કરી શકાશે નહી.

સહી/–
એડમીનીસ્ટ્રેટીવ ઓફીસર(આર.)
સુરત મહાનગરપાલિકા.